# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-08-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રેલવે પ્રોજેક્ટ

રાજ્યમાં કુલ 2564 કિમી લંબાઈના 36 રેલવે પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી 863 કિમી લંબાઈ કાર્યરત થઈ ગઈ છે અને માર્ચ 2025 સુધીમાં ₹12,865 કરોડ ખર્ચવામાં આવ્યા છે.

લોકસભામાં સાંસદ પરશોત્તમ રૂપાલાએ ગુજરાતને લગતા રેલવે પ્રોજેક્ટ્સ અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ માહિતી આપી હતી.

રાજ્યમાં તાજેતરમાં પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સમાં 1492 કરોડના ખર્ચે વિરમગામ-સામખીયાળી 182 કિમી ડબલીંગનું કામ તેમજ ૨૫૭૮ કરોડના ખર્ચે પાલનપુર-સામખીયાળી 247 કિમી ડબલીંગના કામો સામેલ છે.

આ ઉપરાંત, સંપૂર્ણપણે અથવા આંશિક રીતે હાથ ધરવામાં આવેલા રેલવે પ્રોજેક્ટ્સમાં 410 કરોડના ખર્ચે નલિયા-જખૌ બંદર 25 કિમી નવી લાઇન, 152 કરોડના ખર્ચે ગાંધીધામ-આદિપુર 11 કિમી ચતુર્ભુજ અને 1430 કરોડના ખર્ચે સામખિયાળી-ગાંધીધામ 53 કિમી ચતુર્ભુજ નો સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------------------------

## રાજ્યભરમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ

રાજ્યભરના તમામ જિલ્લાઓમાં આજથી રાજ્યકક્ષાના ‘સંસ્કૃત સપ્તાહ મહોત્સવ’ ની ઉજવણીનો આરંભ થયો છે. 12 ઓગસ્ટ સુધી યોજાનારી ઉજવણી અંતર્ગત શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આજે ગાંધીનગરમાં 'સંસ્કૃત ગૌરવ યાત્રા'નું પ્રસ્થાન કરાવ્યું હતું.

------------------------------------------------------------------------------------------

## કચ્છ : સંસ્કૃત ગૌરવ યાત્રા

કચ્છમાં જિલ્લા વહીવટી તંત્ર અને  જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા જીલ્લા મથક ભુજ ખાતે આજે સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ હતી. સવારે ભુજના જયુબિલી ગ્રાઉન્ડ ખાતેથી શરુ થયેલી આ યાત્રામાં ભુજ શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, કચ્છ યુનિવર્સિટી, કોલેજો તેમજ ભાષા ભવન દ્વારા પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃત સાહિત્યને વાચા આપતી વિવિધ સંસ્કૃત કૃતિઓ, સંસ્કૃત ગરબા, સંસ્કૃત ગીત, સંસ્કૃત પાત્રોની વેશભૂષા, સંસ્કૃત ટેબ્લો વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. વી.ડી. હાઈસ્કુલ, બસ સ્ટેશન થઈને આ યાત્રાનું સ્વામીનારાયણ મંદિર ખાતે સમાપન થયું હતું.

ગૌરવ યાત્રામાં ભાગ લેનાર વિવિધ સંસ્થાઓ અને કૃતિઓને જિલ્લા વહીવટી તંત્ર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તરફથી પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

------------------------------------------------------------------------------------------

## રાજ્ય મંત્રીમંડળની બેઠક

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ  બેઠકમાં રાજ્યમાં ખાતરની અછત અને તેને લઈ સર્જાયેલા પ્રશ્નો તેમજ રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષય અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

ઉપરાંત વરસાદ ખેંચાતા ખેડૂતોની વીજળીની માગ અને સિંચાઈ માટે પાણી, વિધાનસભાના ચોમાસા સત્ર, સ્વાતંત્ર્ય પર્વના રાજ્યકક્ષાના કાર્યક્રમ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

દરમ્યાન, કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે, રાજ્યના ખેડૂતોને જરૂરિયાત મુજબ ખાતર મળી રહે તેવું આયોજન સરકારે કર્યું છે. ખાતરની અછત અંગે રાજ્યના વિવિધ વિભાગમાંથી ફરિયાદ મળતા અધિકારીઓની એક ટુકડી બનાવવામાં આવી છે અને આ ટુકડીએ તપાસ હાથ ધરી છે તેમ કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છમાં 40 ગ્રામ પંચાયતોને ઇ-રીક્ષાની ફાળવણી

કચ્છની ૪૦ ગ્રામ પંચાયતોને ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે ઇ-રિક્ષાની ફાળવણી કરવામાં આવી છે.

ગ્રામ્યકક્ષાએ કચરાનું કલેકશન યોગ્ય રીતે થઇ શકે, કચરો ડમ્પિંગ સાઈટ ઉપર પહોંચે અને ગામોની સ્વચ્છતામાં વધારો થાય તે માટે ગ્રામ પંચાયતોને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ શાખા દ્વારા ઈ-રિક્ષાની આપવામાં આવી છે.

જિલ્લા પંચાયત ભુજ ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા તેમજ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ દ્વારા ઇ-રિક્ષાને લીલી ઝંડી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------------

## રોજગાર કચેરી દ્વારા નિવાસી તાલીમ વર્ગ

યુવાનો સરંક્ષણ દળમાં પસંદગી  પામે તે માટે જિલ્લા રોજગાર કચેરી દ્વારા કચ્છ જિલ્લાના ઉમેદવારો માટે ૩૦ દિવસના નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ-૧૦ પાસ કે તેથી વધુની શૈક્ષિણક લાયકાત ધરાવતા અને સાડા સત્તર વર્ષથી ૨૩ વર્ષ સુધીની વય ધરાવતા યુવાનો માટે યોજાનાર આ તાલીમ વર્ગમાં રહેવા-જમવાનું તથા શારીરિક કસોટી અને લેખિત કસોટીની તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે.  ઇચ્છુક ઉમેદવારોએ અરજી ફોર્મ ડાઉનલોડ કરી પોતાની અરજી ૧૦ દિવસનીં અંદર જિલ્લા રોજગાર કચેરી, ભુજ-કચ્છને મોકલવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------------

## મહિલા સુરક્ષા અને સંરક્ષણ વિષય પર સેમિનાર

કચ્છ યુનિવર્સિટી ખાતે મહિલા સુરક્ષા અને સંરક્ષણ વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. યુનિવર્સિટી વુમન ડેવલોપમેન્ટ સેલ અને લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને સુરક્ષા અને સ્વરક્ષણ વિષય પર માહિતી આપી હતી. ભુજ પોલીસ શી ટીમના કર્મચારીઓએ વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ભુજ હાટ ખાતે હાથશાળ અને રાખી મેળાનું આયોજન

ભુજ હાટ ખાતે હાથશાળ અને રાખી મેળાનું આયોજન કરાયું છે. રાષ્ટ્રીય હાથશાળ દિવસની ઉજવણી નિમિત્તે હાથશાળ સપ્તાહ અંતર્ગત ૮મી ઓગસ્ટ સુધી ચાલનાર આ પ્રદર્શનમાં ૪0થી વધુ સ્ટોલ ઉભા કરાયા છે. જેમાં ઉન દોરાની વિવિધ બનાવટો, ઈકો ફ્રેન્ડલી મોતી, હાથ બનાવટની રાખડીઓ, હાથસાળ, હસ્તકલા, ભરતકામ, મોતીકામ, એમ્બ્રોઈડરી, ચર્મકામ, માટીકામના નમૂના પર સુશોભનની ચીજવસ્તુઓ, જવેલરી વગેરેના સ્ટોલની નાગરિકો મુલાકાત લઈ રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારીઓ

રાજ્યની ૩૫૭ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફીક્સ પગારનાં કર્મચારીઓને માટે ૨૦ માંદગી રજા અને ૧૫ ખાસ રજા આપવામાં આવશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણય અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ નિર્ણયનો કુલ ૧,૨૮૨ કર્મચારીઓને લાભ મળશે જેમાં ૧,૧૬૭ શૈક્ષણિક અને ૧૧૫ બિન-શૈક્ષણિક કર્મચારીઓનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------------------